*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 47

## રાજ્યસભાની ચૂંટણી



- ચર્ચામાં શા માટે ?
- રાજ્યસભા વિશે :-
- રાજ્યસભાના સભ્યોની ચૂંટણી વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-47નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- કેન્દ્રીય ચૂટણીપંચ દ્વારા 17 રાજ્યોની 55 બેઠકો માટેની દ્વિવાર્ષિક ચૂંટણીઓ 26-માર્ચ 2020ના રોજ યોજાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.(COVID-19 મહામારીના કારણે હાલ આ ચૂંટણી મોકુફ રખાય છે.)
- આ 55 બેઠકોમાં મહારાષ્ટ્ર-7, તમિલનાડુ-6, પશ્ચિમ બંગાળ-5, બિહાર-5, ઓડિશા-4, ગુજરાત-4, આંધ્રપ્રદેશ-4, આસામ-3, મધ્યપ્રદેશ-3, રાજસ્થાન-3, તેલંગાણા-2, છત્તીસગઢ-2, હરિયાણા-2, ઝારખંડ-2, હિમાચલ-1, મણિપુર-1 અને મેઘાલયની 1 બેઠકનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યસભા વિશે :-

- ભારતીય બંધારણના અનુચ્છેદ-80 અંતર્ગત રાજ્યસભાની રચના અંગે જોગવાઈ કરવામાં આવી છે.
- આ જોગવાઈ અનુસાર ભારતમાં રાજ્યસભાના સભ્યોની મહત્તમ સંખ્યા 250 સુધી રાખી શકાય છે. જો કે હાલ રાજ્યસભાના સભ્યોની સંખ્યા 245 છે.
- આ 245 સભ્યોમાંથી 12 સભ્યોની કલા, સાહિત્ય, વિજ્ઞાન, સમાજસેવા જેવા ક્ષેત્રોમાંથી રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવે છે.
- આથી હાલ 233 (245-12) સભ્યો રાજ્યસભામાં ચૂંટાઈને આવે છે, જો કે આ સંખ્યા વધારીને મહત્તમ 238 સુધી કરી શકાય છે. (238+12 રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક = 250 કુલ મહત્તમ સંખ્યા)
- ભારતમાં જે તે રાજ્યની વસતીને આધારે રાજ્યસભાના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવે છે.
- ભારતમાં હાલ રાજ્યસભામાં સભ્યોની સંખ્યા 1971ની વસતી ગણતરી આધારિત છે. જેમાં વર્ષ 2026 સુધી કોઈ ફેરફાર થશે નહીં.

- વસતીને આધારે રાજ્યસભામાં સભ્યોની સંખ્યા આ પ્રમાણે નક્કી કરવામાં આવી છે. જેમાં...
  - દરેક રાજ્યની પ્રથમ 50 લાખની વસતી સુધી દર 10 લાખ વ્યક્તિએ 1 સભ્ય અને
  - પ્રથમ 50 લાખ બાદ દર 20 લાખ વ્યક્તિએ 1 સભ્ય.
- ભારતીય બંધારણની ચોથી અનુસૂચિમાં ભારતના રાજ્યોને ફાળવવામાં આવેલી રાજ્યસભાની બેઠકોની યાદી આપવામાં આવી છે. આ યાદી અનુસાર સૌથી વધુ સંખ્યા ઉત્તરપ્રદેશમાં 31 છે તથા ગુજરાતમાં રાજ્યસભાના સભ્યની સંખ્યા 11 છે.
- રાજ્યસભાના સભ્ય બનવા માટેની યોગ્યતામાં તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ, તેમની ઉંમર ઓછામાં ઓછી 30 વર્ષ હોવી જોઈએ, લાભના પદ પર ના હોવા જોઈએ તથા વખતો વખત સંસદ દ્વારા જો કોઈ યોગ્યતા નક્કી કરવામાં આવી હોય તો તે ધરાવતાં હોવા જોઈએ.
- ભારતમાં રાજ્યસભાની રચના 3- એપ્રિલ 1952માં કરવામાં આવી હતી. તથા રાજ્યસભાની પ્રથમ બેઠકનું આયોજન 13 મે, 1952ના રોજ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યસભાના સભ્યોની ચૂંટણી વિશે :-

- ભારતમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભા તથા વિધાન પરિષદના સભ્યોની ચૂંટણી 'સપ્રમાણ પ્રતિનિધિત્વ'ના સિધ્ધાંત અનુસાર થાય છે.
- આ અંતર્ગત રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો 'સપ્રમાણ પ્રતિનિધિત્વ'ની પદ્ધતિ અનુસાર 'એકલ સંક્રમણીય' (Single Transferable Vote) ના આધારે રાજ્યસભાના સભ્યોની પસંદગી કરે છે.
- ભારતમાં અગાઉ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે ગુપ્ત મતદાન થતું હતું. પરંતુ વર્ષ 2003માં 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-1951'માં સુધારો કરીને સંસદે રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે ગુપ્ત મતદાનની જગ્યાએ ખુલ્લા મતદાનની વ્યવસ્થા (Open Ballot System) સ્વીકારી છે.

- આથી હાલ ભારતમાં રાજ્યસભાની ચૂંટણીમાં 'ખુલ્લું મતદાન' થાય છે.
- રાજ્યસભાના સભ્ય બનવા ઉમેદવારને જે ઓછામાં ઓછા મતની જરૂર પડે છે તે અહીં સૂત્રમાં દર્શાવ્યાં છે.

$$\text{ઓછામાં ઓછા મત} = \left[\frac{\text{સંબંધિત રાજ્યની વિધાનસભાના સભ્યો}}{(\text{તે રાજ્યની રાજ્યસભામાં ખાલી જગ્યા}+1)}\right]+1$$

- ઉપરોક્ત સૂત્ર મુજબ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી પ્રક્રિયાનું ઉદાહરણ જોઈએ...
  - ધારો કે કોઈ રાજ્યની અંદર ત્રણ બેઠકો ખાલી છે અને તે રાજ્યની વિધાનસભામાં ફક્ત બે રાજકીય પક્ષો 'પાર્ટી-A' અને 'પાર્ટી-B' છે. આ રાજ્યની વિધાનસભામાં કુલ 140 બેઠકોમાંથી પાર્ટી-A પાસે 100 બેઠકો છે અને પાર્ટી-B પાસે 40 બેઠકો છે અને બંને પક્ષો પોતાના ઉમેદવારોને રાજ્યસભાની ચૂંટણી માટે નામાંકિત કરે છે.
  - ઉપરોક્ત 3 ખાલી બેઠકો માટે ઉમેદવારોને રાજ્યસભાની ચૂંટણી જીતવા નીચે મુજબના ઓછામાં ઓછા મતોની જરૂર રહેશે.

$$\text{ઓછામાં ઓછા મત} = \left[\frac{\text{સંબંધિત રાજ્યની વિધાનસભાના સભ્યો}}{(\text{તે રાજ્યની રાજ્યસભામાં ખાલી જગ્યા}+1)}\right]+1$$

$$= \left[\frac{140}{(3+1)}\right]+1 = 36$$

- રાજ્યસભાની ચૂંટણી અંતર્ગત રાજ્યની વિધાનસભાના સભ્યો દરેક ખાલી બેઠકો માટે મત આપતા નથી. કારણ કે જો તે પદ્ધતિથી ચૂંટણી થાય તો ફક્ત બહુમતી ધરાવતા શાસક પક્ષના ઉમેદવારો જ ચૂંટણી જીતે.
- આથી, રાજ્યસભાની ચૂંટણીમાં રાજ્યવિધાનસભાના સભ્યોએ ઉમેદવારોને પોતાની પસંદગીનો અગ્રતાક્રમ (1, 2, 3..) આપવાનો હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જો ઉપરોક્ત ઉદાહરણ અનુસાર કોઈ ઉમેદવારને રાજ્યની વિધાનસભાના 36 થી વધુ સભ્યો પોતાની પસંદગીનો પ્રથમ અગ્રતા ક્રમ આપે તો તેઓ ચૂંટણીમાં વિજેતા થશે.
- ભારતીય બંધારણ અનુચ્છેદ 99 મુજબ રાજ્યસભાના સદસ્ય બનનાર દરેક સભ્યએ રાષ્ટ્રપતિ કે તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ બંધારણની ત્રીજી અનુસૂચિ મુજબ શપથ લેવાના હોય છે.
- જો કોઈ સદસ્ય શપથ લેતા નથી તો તે ગૃહના સદસ્ય ગણાતા નથી અને તે બેઠકમાં ભાગ પણ લઈ શકતા નથી તથા તેઓ મત પણ આપી શકતા નથી. તેમ છતાં જો તે બેઠકમાં ભાગ લે તો રૂપિયા 500 પ્રતિ/દિવસ દંડ આપવાનો રહેશે.
- રાજ્યસભા એ સંસદનું સ્થાયી (કાયમી) ગૃહ છે. જેનું ક્યારેય વિસર્જન થતું નથી. પરંતુ રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે. જે અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના ઉપલા ગૃહ બરાબર છે.
- દર બે વર્ષે રાજ્યસભાના 1/3 સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ સભ્યો ચૂંટાય છે. જેનો અર્થ એ થાય છે કે રાજ્યસભાના બધા જ સભ્યો ક્યારેય એક સાથે નિવૃત્ત થતાં નથી.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 89માં રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ પદ અંગેની જોગવાઈ કરવામાં આવી છે. અનુચ્છેદ 64 મુજબ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ છે.
- રાજ્યસભાના સભાપતિએ સભાપતિ તરીકે શપથ લેવાના હોતા નથી. કારણ કે તેઓએ ઉપરાષ્ટ્રપતિના શપથ લીધા હોય છે.
- અનુચ્છેદ 89-2 મુજબ રાજ્યસભાના સભ્યો જ પોતાના કોઈ એક સભ્યને ઉપસભાપતિ તરીકે પસંદ કરે છે. તથા તેમને ઉપસભાપતિ તરીકે શપથ લેવાના હોતા નથી. કારણ કે તેઓએ રાજ્યસભાના સભ્ય તરીકેના શપથ લીધા હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT